Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

# મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો વેદાંતવિચાર

ડૉ. અશ્વિન આણદાણી*

ભારતમાં વેદાંતનું અધ્યયન અને અધ્યાપન સદીઓથી થતું રહ્યું છે. આપણા ગુજરાતમાં સાધુ-સંતો, પંડિતો અને પુરાણીઓ દ્વારા વેદાંતવિચાર પેઢી દર પેઢી પ્રજાના ભણેલા તેમજ અભણ લોકો સુધી ફેલાતો રહ્યો છે.

મણિલાલ નભુભાઈ દ્વિવેદી પૂર્વે સર્વશ્રી ગોકુળજી ઝાલા, મનસુખરામ સૂર્યરામ, મણિશંકર કીકાણી અને નૃસિંહાચાર્ય જેવા વિદ્વાનોએ વેદાંતની વિચારધારાનું પોતપોતાની રીતે વિવરણ કર્યું હતું.

મણિલાલ નભુભાઈ દ્વિવેદી પંડિતયુગના તત્ત્વદર્શનના અને વેદાંતશાસ્ત્રના મોટા અભ્યાસી હતા. ભારતીય દર્શનશાસ્ત્રો તેમજ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ગ્રંથોનો તેમણે સઘન અભ્યાસ કર્યો હતો. વિશાળ વાંચન અને બહુશ્રુતતાને કારણે શંકરાચાર્યની પરિપાટીને અનુસરીને અદ્વૈત-સિદ્ધાંતનું તેમણે શાસ્ત્રીય અને લોકગમ્ય શૈલીમાં અમુક અંશે સ્વતંત્ર ગણાય એવું ભાષ્ય કરેલું છે. વેદાંત વિશેના સઘન અભ્યાસને સમજાવવાનો એમણે જે પ્રયત્ન કર્યો છે તે એમના સુપ્રસિદ્ધ સામયિક 'સુદર્શન'ના લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે.

શ્રી ધીરુભાઈ ઠાકર સંપાદિત અને ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'મણિલાલના ત્રણ લેખો' નામના પુસ્તકમાં 'અભ્યાસ' નામનો જે સુદીર્ઘ લેખ છે તે મણિલાલ નભુભાઈ દ્વિવેદીની વેદાંત જેવા ગહન વિષય પરની એમની વિદ્વત્તાનો બરાબર નિર્દેશ કરે છે. 'સિદ્ધાંતસાર' પણ એમનો બહુચર્ચિત ગ્રંથ છે. જેના પર મણિશંકર રત્નજી ભટ્ટ - કવિ કાન્ત દ્વારા કલ્પિત પાત્રને સંબોધીને લખેલા પત્રો દ્વારા અવલોકન કરવામાં આવ્યું છે. કાન્તનો આશય એમની ટીકા કરવાનો હતો પરંતુ ધીમે-ધીમે તે એમની વિચારધારા સાથે સંમત થતા હોય એવું એ પત્રો દ્વારા સમજાય છે.

'મણિલાલના ત્રણ લેખો' એમના વેદાંતવિચારને સમજવા માટે પૂરતા છે. અહીં હું એમના 'અભ્યાસ' એ લેખના અનુસંધાને થોડી વાત કરીશ. જે મણિલાલની તત્ત્વદર્શનની દૃષ્ટિને સમ્યક રીતે દર્શાવે છે. બાકી વેદાંતવિચાર એ બહુ મોટો અને ગહન વિષય છે એ સ્વીકારવું જ રહ્યું. આ લેખના પ્રારંભમાં જ મણિલાલ 'અભ્યાસ' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે.

---

*ડૉ. અશ્વિન આણદાણી, અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ડી. સી. એમ. કૉલેજ, વિરમગામ-૩૮૨૧૫

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

એમના મત મુજબ 'અભ્યાસ એટલે પુનઃ પુનઃ થવું.' એમણે વિશેષમાં કહ્યું છે કે, ' જે વાત પુનઃ પુનઃ થાય તેનો સંસ્કાર મનને બેસે એટલે તેનો પરિપાક ત્યારે જ કહેવાય કે જ્યારે એ સંસ્કાર કેવલ તન્મય થઈ જાય. એને જ ભાવના કહે છે.' મણિલાલ દ્વિવેદીને જે સ્પષ્ટ કરવું છે તે એમણે 'અભ્યાસ' શબ્દના અર્થ દ્વારા સ્પષ્ટ કર્યું છે અને પછી ક્રમશઃ વાત કરતા એમણે 'અભ્યાસ' એટલે 'તન્મયતા' એ સ્પષ્ટ કર્યું છે. તન્મય થનાર જ વેદાંતનેબરાબર સમજી શકે.

મણિલાલ દ્વિવેદી તન્મયતા અભ્યાસથી આવે છે એમ કહીને જુદા-જુદા દૃષ્ટાંતો દ્વારા તેને સ્પષ્ટ કરે છે. એમનું કથન છે : 'વેદાંતના ગ્રંથો વાંચવા, વેદાંતનું રટણ કરવું પણ કેવલ તન્મયતાથી કરવું એ જ સર્વ માર્ગનો માર્ગ છે, જ્ઞાનનું જ્ઞાન છે.' આમ અભ્યાસના અનુસંધાનનેતન્મય અને એ દ્વારા વેદાંતનેસમજાવવાનો મણિલાલનો આ પ્રયાસ સ્તુત્ય લાગે છે. એમણે સંસ્કૃતના આવડતું હોય તો પણ વેદાંતનેસમજી શકાય એવું કહ્યું છે. એમ કરતા એમણે કરેલું વિધાન આવું છે : 'સરળમાં સરળ યોગ, સરળમાં સરળ પ્રાણવિનિમય, સરળમાં સરળ સંસ્કૃત, સરળમાં સરળ વેદાંતઅભ્યાસ છે અને અભ્યાસનું તત્ત્વ તન્મયતા છે.' એકની એક વાત ઉપર જયારે કોઈ પણ વ્યક્તિ તન્મય થાય છે ત્યારે અભ્યાસની શરૂઆત થાય છે. 'આ તન્મયતાથી જ વ્યવહારમાં બધે પરમાર્થનું આનુભવિક દર્શન બને છે.' અહીં મણિલાલ અનુભવને દાખલ કરે છે અને એમ કરીને એમણે સ્થૂલપ્રદેશ અને સૂક્ષ્મપ્રદેશ એમ બે ભાગ દર્શાવ્યા છે. જે વસ્તુ ઈન્દ્રિયાદિથી ગ્રહી શકાય તેવા પદાર્થનો પ્રદેશ તે સ્થૂલપ્રદેશ છે અને મન, બુદ્ધિ, કલ્પના, ઈચ્છા આદિથી જેનું ગ્રહણ કરાય તે સૂક્ષ્મપ્રદેશ છે. આ બે ઉપરાંત તેમણે ત્રીજા પ્રદેશનો નિર્દેશ કર્યો છે અને તે છે કારણ પ્રદેશ. આ કારણ પ્રદેશમાં મૂળભૂત અજ્ઞાનની વાસના આદિ ઉદ્દભવે છે. આ ત્રણ પ્રદેશ દ્વારા તેમણે એ ત્રણેયના પરસ્પર સંબંધનેપણ સમજાવ્યો છે. પરંતુ એમણે ભાર તો મૂક્યો છે સૂક્ષ્મપ્રદેશ પર. એમનું સરસ વિધાન છે : 'જેટલી જેટલી ઊર્મિઓ, ઈચ્છાઓ, ભાવનાઓ, જેટલા જેટલા તર્કો, વિચારો થાય છે તે સર્વ એ પ્રદેશના વાસી છે.' એમણે આ વાતને આગળ લંબાવતા નોંધ્યું છે કે, ' કોઈ વિચાર થયો તે જો પુનઃ પુનઃ અભ્યાસથી પુષ્ટ ન થયો તો થોડેક કાલે નિર્માલ્ય થઈ ઘસાય જાય છે.' સૂક્ષ્મપ્રદેશમાં પરમ સાથેનું અનુસંધાનતે બ્રહ્માકારવૃત્તિછે અને તેનાથી જ બ્રહ્માભ્યાસ સધાય છે. વધુમાં તેઓ એ પણ જણાવે છે કે માત્ર ભાવનાથી જ બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મદશા પ્રાપ્ત થાય છે. આ બધું જ અભ્યાસ અને તેનાથી પ્રાપ્ત થતી તન્મયતા સાથે જોડાય છે.

મણિલાલ દ્વિવેદીએ ભાવનાનો પરિચય આપીને મનુષ્યમાં ચાલતા જુદા-જુદા ભાવો સાથે તન્મયતા કેળવવાનું કામ અસાધ્ય છે એ દર્શાવ્યું છે અને એમ કરતા એમણે અદ્વૈતની ભાવના તરફ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
ગતિ કરી છે. મનુષ્ય શું છે અને જગત શું છે અને તે બન્ને વચ્ચે શો સંબંધછે તેવા પ્રશ્નો કરી શ્રીમદ્ ભગવદ્ગીતાનો સંદર્ભ આપી આ અદ્વૈત અંગે મનુષ્યને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એમણે જીવનનો હેતુ અને પુરુષાર્થ શામાં છે તેની પણ વિચારણા કરી છે અને એમ અદ્વૈત ભાવનાને સમજાવવા વળી તન્મયતાની ટેવ પર ભાર મૂક્યોછે. સૂત્રજેવું એમનું વિધાન છે : 'પૂર્વસંસ્કારનો નિરોધ અને પ્રત્યક્ષ સંસ્કારનોઉદય એ તન્મયતા છે.' વળી પાછા કહે છે : ' તન્મયતાની સાથે અદ્વૈત ભાવનાની પ્રાપ્તિને આવશ્યક એવો અભ્યાસ રાખી એ ભાવના પ્રાપ્ત કરવી.' આ માટે એમણે જ્ઞાનને આવશ્યક ગણ્યું છે અને વિવેકનો ઉદય થાય તે પહેલા કર્મની ઉપાસનાનો આશય લેવા તરફ નિર્દેશ કરી એ દ્વારા જ અદ્વૈતભાવ અને તન્મયતા આવવાની છે એમ ભારપૂર્વકકહ્યું છે.

વ્યક્તિ જે કર્મ કરે છે એ માર્ગમાં અનેક સૂક્ષ્મવિચારો તેમજ ઉપાસના સૂક્ષ્મપ્રકારે રહેલી હોય છે. કર્મનો સરસ માર્ગ બતાવતા મણિલાલ કહે છે : ' કર્મ એટલે વેદવિહિતસ્વવર્ણાશ્રમાનુસારજે કાંઈ કર્તવ્ય હોય તે.' કર્મ સકામ હોય તેનો બાધ નથી અને નિષ્કામ કર્મ ઉત્તમ છે એવું યનથી. સકામમાંથી નિષ્કામમાં અને નિષ્કામમાંથી સકામમાં આવન-જાવન થયા કરે છે. એમણે વામમાર્ગનો નિષેધ લેખ્યો છે અને વિવેકના ઉદયની વાત કરી છે. જેમાં તેઓ આત્મા અને અનાત્માને આવરી લે છે. જ્યાં અનાત્માનો અનાદર થાય છે ત્યાં વૈરાગ્યનો જન્મ થાય છે. એમાં વિક્ષેપ પાડનાર જો કોઈ હોય વસ્તુ હોય તો તે તૃષ્ણાછે અને માટે જ એમણે તારવ્યું છે : 'તૃષ્ણાનોઅભાવ તે જ પરમ વૈરાગ્યનું સ્વરૂપ છે.' આ નિમિત્તે એમણે આહારની પણ ચર્ચા કરી છે અને સાત્વિક આહારને જ પ્રાધાન્ય આપ્યું છે જે તૃષ્ણાઉપર કાબૂ રાખે છે. વળી તૃષ્ણાના ત્યાગ સાથે સંસારના વ્યવહારમાં માણસનું પોતાનું જે કર્તવ્ય છે તેનો ત્યાગ કરવાનો નથી. વ્યવહાર સાથે નીતિ અને પ્રામાણિકતાને પણ એમણે જોડી છે. આ સાથે લોક કહેતા સમાજથી ભય ન પામવાનું પણ કહ્યું છે. આહાર-વિહાર અને તદનવ્યે થતો વ્યવહાર ગમે તેવો હોય પરંતુ જો વિચાર ઉત્તમ ના હોય તો કશું જ થતું નથી. આ વિચાર સાથે વચન પણ જોડાયેલું હોવાથી વચન અને સંગતનોપણ ઉલ્લેખ આ સંદર્ભેકર્યો છે તેમજ વિવેકપૂર્વક વિરાગ પ્રાપ્ત કરવા વિશે પણ ચર્ચા કરી છે. વિવેક અને વિરાગ સાથે પૂર્ણતાપ્રાપ્ત કરવા તરફની ગતિ એ જ મનુષ્યનું લક્ષ્ય હોવું જોઈએ. સાથે-સાથે તેમણે વૃત્તિનોવિચાર પણ સાંકળી લીધેલો છે. જ્યારે વૃત્તિનોનિરોધ થાય ત્યારે સમાધિ સંભવબને અને સમાધિનો લાભ વૈરાગ્ય અને અભ્યાસથી જ થાય છે. એમણે સમાધિ માટે જે વિઘ્નો હોય છે તે પણ દર્શાવ્યા છે. આવા વિઘ્નો નવ પ્રકારના છે : 1 વ્યાધિ 2 સ્ત્યાન 3 સંશય 4 પ્રમાદ 5 આલસ્ય 6 અવિરતિ 7 ભ્રાન્તિદર્શન 8 અલબ્ધભૂમિકત્વ 9 અનવસ્થિત્વ. જે વૃત્તિઓમાંથી ઉદ્ભવે છે. એટલે જ મણિલાલ કહે છે : ' વૃત્તિઓનોનિરોધ થાય તો

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

સમાધિ સ્થિર થઈ શકે.' એમણે વૃત્તિઓના બે પ્રકાર પણ દર્શાવ્યા છે. ક્લિષ્ટ અને અક્લિષ્ટ. આ અક્લિષ્ટ વૃત્તિને પુનઃ વિરાગ અને અભ્યાસથી શમાવવી જેથી વૃત્તિનિરોધ સિદ્ધ થાય. 'જેને વૃત્તિનિરોધનો એક ક્ષણ અનુભવ થયો છે તે કહી શકશે કે એમાં જે આનંદ છે તેવો બીજા કશામાં નથી.' એટલે જ ક્ષુદ્રમાં ક્ષુદ્ર આનંદથી માંડી બ્રહ્માનંદ સુધીનો આનંદ વૃત્તિનિરોધ એટલે કે એકાગ્રતા - જેમાંથી તન્મયતા આવે છે તેના પર આધારિત છે.

મણિલાલ દ્વિવેદી સમાધિની વાત કરતા કરતા યોગ સુધી આવી પહોંચે છે અને શ્રીમદ્ ભગવદ્ગીતામાં નિર્દિષ્ટ યોગનો મહિમા કરે છે. વેદાંતમાં ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગનો અતિશય ઉપયોગ થયો છે. અહીં મણિલાલ શમ અને દમનો ઉલ્લેખ કરી ઉપરતિનો માર્ગ આદિ શંકરાચાર્યના સંદર્ભથી સ્પષ્ટ કરે છે. આમ કરતા કરતા એ બાહ્ય આલંબન સુધી આવી સાધકે આત્મનિરીક્ષણ સિદ્ધ કરવાનું હોય છે. જે આત્મજ્ઞાન માટે પૂર્વશરતરૂપ છે. આમ એમનું ચિંતન ક્રમશઃ આગળ ગતિ કરતા ષટસંપત્તિ સુધી પહોંચી તિતિક્ષાને સમજાવે છે. આ તિતિક્ષામાં વિવેક, વિરાગ, શમ, દમ, ઉપશમ એમ સર્વનો ઉપયોગ થઈ શકે છે અને એમ જ ઓજનો સંગ્રહ થાય છે. ષટસંપત્તિમાં તિતિક્ષા પછી શ્રદ્ધા અને સમાધાન એ બે સાધન મહત્ત્વના છે. શાસ્ત્ર અને ગુરુના વચનો પર સત્ત્વબુદ્ધિ રાખી તેનું અવધારણ કરવું તેને સત્પુરુષો શ્રદ્ધા કહે છે જેની આદિ શંકરાચાર્ય દ્વારા પણ સૂક્ષ્મ વિચારણા થયેલી છે. મણિલાલ શ્રદ્ધા વિશે અનેક ઉદાહરણ આપી તેને સ્પષ્ટ કરે છે. શ્રદ્ધા સાથે એમણે સંશયનો પણ વિચાર કર્યો છે કારણ કે સંશય એ વિનાશનું દ્વાર છે. તેથી જ આપણે ત્યાં કહેવાયું છે કે 'संशयात्मा विनश्यति' અને સાથોસાથ 'अहं ब्रह्मास्मि' એ વેદવાક્ય વિશેની દીર્ઘ વિચારણા પણ મણિલાલ પાસેથી પ્રાપ્ત થાય છે. આમ શ્રદ્ધા, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા એ ત્રણેય વિશે મણિલાલ વિગતે પ્રકાશ ફેંકે છે. એમણે શમ, દમ, ઉપશમ અને તિતિક્ષા એ બધાની પણ માર્મિક ચર્ચા કરી છે. ષટસંપત્તિનું છેલ્લું અંગ છે સમાધાન. સમાધાનની આદિ શંકરાચાર્ય દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યા પણ મણિલાલ દ્વિવેદીએ નોંધી છે. જે મુજબ 'બુદ્ધિને સર્વદા શુદ્ધ એવા બ્રહ્મને વિશે સર્વદા સ્થાપન કરવી તે સમાધાન કહેવાય. ચિત્તનું જે લાલન તે સમાધાન નથી.' આ લાલન અને સમાધાન વચ્ચે ઘણો મોટો તફાવત છે અને આ બન્ને સંપત્તિની ચર્ચા તેઓ ઉદાહરણ સહિત કરે છે. સમાધાન પછીનું જે સાધન છે તે મુમુક્ષુત્વ 'મુમુક્ષુ એટલે મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો, તેની સ્થિતિ તેના અંતઃકરણની દશા તે મુમુક્ષુત્વ' આ મુમુક્ષુત્વને સ્પષ્ટ કરવા મણિલાલ આદિ શંકરાચાર્યનો સંદર્ભ લઈ આવે છે. છેવટે મણિલાલ અભિમાનના અભાવ પાસે અટકીને વેદાંતવિચારના એક ભાગ એવા અભ્યાસની અગત્યતા દર્શાવે છે. આમ એમનું વેદાંતદર્શન કેટલું ઊંડું છે તે આ લેખમાંથી સ્પષ્ટ થાય છે. કંઈક

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કઠિન ગણી શકાય તેવા વિષયને એમણે ક્રમશઃ ગણિતના પદની જેમ સમજાવ્યો છે અને કશુંય અસ્પષ્ટ રાખ્યું નથી. વેદાંતનો વિચાર કરવા માટે આવશ્યક એવું પ્રથમ ચરણ છે અભ્યાસ. જેનું મેં અહીં મારી રુચિ-મતિ અનુસાર વિશ્લેષણ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે મણિલાલ નભુભાઈ દ્વિવેદીના વેદાંતવિચારનેસમજવા માટે મદદરૂપ થશે એવી મારી શ્રદ્ધા છે.

**સંદર્ભગ્રંથ:**

૧. 'મણિલાલના ત્રણ લેખો' ધીરુભાઈ ઠાકર દ્વિતીય આવૃત્તિ૧૯૫૪ પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

૨. 'મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના' ધીરુભાઈ ઠાકર પ્રથમ આવૃત્તિ૧૯૫૬ પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ